| | | | |
|---|---|---|---|
| **તારીખ** | ૧૮ | ૦૪ | ૨૦૨૪ |
| **રજી.તારીખ** | ૧૮ | ૦૪ | ૨૦૨૪ |
| **ફે. તારીખ** | ૦૬ | ૦૪ | ૨૦૨૬ |

---

**જામજોધપુરના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટમાં મુકામ જામજોધપુર**

---

**ફોજદારી કેસ નં. ૫૩૨/ ૨૦૨૪**

**આંક–**

**ફરીયાદી** – શ્રી સરકાર

જામજોધપુર પો.સ્ટે. ગુ.રજી.નં.૧૧૨૦૨૦૨૬૨૩૦૫૪૪/૨૦૨૪

**વી.**

**આરોપી** – **હમીરભાઇ લખુભાઇ મોવાણીયા**
ઉ.વ.૩૭, ધંધો–ડ્રાઇવીંગ,
રહે. સ્વામીનારાયણ મંદીર પાછળ, જામજોધપુર,
તા.જામજોધપુર, જી.જામનગર.

---

**ગુન્હો – ગુજ. પ્રોહી. એકટ કલમ– ૬૫ઇ, ૧૧૬(બી), ૮૧**

---

| | |
|---|---|
| **ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી** | એસ.યુ.બાબી |
| **આરોપી તરફે વિ. વ.શ્રી.** | પી.સી.મકવાણા |

**– :: ઠરાવ :: –**

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા. ૧૫–૦૮–૨૦૨૩ ના રોજ કલાક ૨૦:૪૫ વાગ્યે સ્વામીનારાયણ મંદીર પાસે આ કામના આરોપીએ ગે.કા. પાસ પરમીટ વગર પોતાના કબ્જામાં દારૂની મેકડોલ નં.૧ ઓરીજનલ કલેકશન વ્હીસ્કી બોટલ નંગ–૫૪ કિ.રૂ.૨૭,૦૦૦/– સાથે મળિ આવતા તથા નાસતા ફરતા આરોપીએ દારૂની સપ્લાય કરી એકબીજાની મદદગારી કરી ગુન્હો કરી રેઇડ દરમ્યાન આ કામના આરોપી

પકડાઇ ગયેલ આ બાબતે ફરિયાદીએ આરોપી વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ–૬૫ઇ, ૧૧૬બી, ૮૧ મુજબની ફરિયાદ આપતા તેની તપાસના અંતે આરોપી વિરુધ્ધ હાલનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) આરોપી કોર્ટમાં હાજર થતા તેને સી.આર.પી.સી. કલમ–૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળોની તમામ નકલો વિના મુલ્યે આપેલ. આ કામે આંક–૦૫ થી તહોમતનામુ ફરમાવી, આંક–૦૬ થી ગુના અંગેની પ્લી લેતાં, તેઓને ગુનો કબુલ ન હોય હાલનો કેસ આગળ ચલાવવામાં આવેલ.

(૩) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબના પુરાવાઓ આપેલ છે.

**મૌખિક પુરાવો**

| ક્રમ | સાહેદનુ નામ | | આંક |
|---|---|---|---|
| ૧ | ફરીયાદી | દિલીપસિંહ વાઘુભા જાડેજા | ૧૬ |
| ૨ | ત.ક.અ. | પ્રગ્નરાજસિંહ પ્રદ્યુમનસિંહ જાડેજા | ૧૯ |
| ૩ | પંચ સાહેદ | રવિભાઇ કાનાભાઇ કટારા | ૨૧ |
| ૪ | પંચ સાહેદ | રાજુભાઇ બાબુભાઇ ચૌહાણ | ૨૩ |
| ૫ | પો.સાહેદ | માનસંગભાઇ રવજીભાઇ ઝાપડીયા | ૨૬ |
| ૬ | પો.સાહેદ | અશોકભાઇ બાબુભાઇ ગાગીયા | ૩૦ |

**દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૭ |
| ૨ | પંચનામુ | ૨૨ |

(૪) ત્યાર બાદ ઉપરોકત પુરાવા રજુ થયા બાદ સરકાર પક્ષે એ.પી.પી શ્રી દવારા વધુ લેખીત કે મૌખિક પુરાવો આપવો નથી તેવુ મૌખિક જાહેર કરતા ઉપરોકત પુરાવાના અંતે આ કામના આરોપી વિરુધ્ધ રેકર્ડ પર આવેલા

પુરાવા સંદર્ભે તેને પોતાના બચાવની વ્યાજબી અને પુરતી તક મળી રહે તે હેતુથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૩ અન્વયે આરોપીના અગાઉ લેવાયેલા નિવેદન તળે વિશેષ નિવેદન લેતા તેમણે જણાવેલ છે કે, તેમના ઉપર ખોટો કેસ કરેલ છે તેમજ તેઓને બચાવના સાહેદો તપાસવા નથી કે સોગંદ પર પુરાવો આપવો નથી, તેમ જણાવી પોતે નિર્દોષ હોવાનુ જણાવે છે તે સીવાય પોતાના બચાવમાં લેખિત કે મૌખિક પુરાવો રજુ રાખેલ નથી. ત્યારબાદ બન્ને પક્ષોની દલીલો સાંભળવામાં આવેલ તેમજ રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લીધો.

(૫) આમ, હાલના કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

## :: મુદા ::

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૧૫–૦૮–૨૦૨૩ ના રોજ કલાક ૨૦:૪૫ વાગ્યે સ્વામીનારાયણ મંદીર પાસે આ કામના આરોપીએ ગે.કા. પાસ પરમીટ વગર પોતાના કબ્જામાં દારૂની મેકડોલ નં.૧ ઓરીજનલ કલેકશન વ્હીસ્કી બોટલ નંગ–૫૪ કિ.રૂ.૨૭,૦૦૦/– સાથે મળિ આવતા તથા નાસતા ફરતા આરોપીએ દારૂની સપ્લાય કરી એકબીજાની મદદગારી કરી ગુન્હો કરી રેઈડ દરમ્યાન આ કામના આરોપી પકડાઇ ગયેલ આ બાબતે ફરિયાદીએ આરોપી વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ–૬૫ઈ, ૧૧૬બી, ૮૧ નો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

## :: નિર્ણયો ::

(૧) મુદ્દા નંબર : ૧ : નકારમાં

(૨) મુદ્દા નંબર : ૨ : આખરી હુકમ મુજબ.

## :: કારણો ::

(૭) ઉપરોકત નિર્ણય પર આવવા માટેના મારા કારણો નીચે મુજબ છે.

**મુદા નં.૧ :–**

**૭.૧–** ફરીયાદપક્ષે ફરીયાદીએ તેઓની આંક–૧૬ ની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, ગઈ તા. ૧૫/૦૮/૨૦૨૩ ના રોજ અમો તથા પો.કો. અશોકભાઈ બાબુભાઈ ગાગીયા તથા માનસંગભાઈ ઝાપડીયા તથા વલ્લભભાઈ ભાટુ એ રીતેના સ્ટાફના માણસો હેડ કો.પી.પી.જાડેજા સાથે જામજોધપુર પોસ્ટે વિસ્તારમાં ક. ૨૦:૦૦ વાગ્યાથી પેટ્રોલિંગમાં હતા ત્યારે ફરતા ફરતા ક.૨૦:૩૦ વાગ્યે સ્વામીનારાયણ મંદીર જામજોધપુર પાસે આવતા અમોને તથા અશોકભાઈ બાબુભાઈ ગાગીયાને ખાનગી રાહે હકીકત મળેલ કે અહીં આગળ રહેતા હમીરભાઈ લખુભાઈ મોવાણીયા પોતાના રહેણાંક મકાને વેચાણ અર્થે ભારતીય બનાવટની અંગ્રેઝી દારૂનો જથ્થો રાખેલ છે તે હકીકત ના આધારે બે રાહદારી પંચોને બોલાવી પ્રોહી કલમ ૧૨૦ નો ઠરાવ કરી પંચો સાથે હકીકત વાળી જગ્યાએ ક.૨૦:૪૫ વાગ્યે રેડ કરતા સદર જગ્યાએ એક ઈસમ હાજર મળી આવેલ જેનું પંચો રૂબરૂનામ ઠામ પુછતા પોતે પોતાનું નામ હમીરભાઈ લખુભાઈ મોવાણીયા રે.જામજોધપુર વાળો હોવાનું જણાવેલ. મજકુરને સાથે રાખી પંચો રૂબરૂ ઝડતી તપાસ કરતા રહેણાંક મકાનમાંથી ભારતીય બનાવટની અંગ્રેજી દારૂની બોટલ નંગ–૫૪ કિંમત રૂ.૨૭૦૦૦/– નો મુદામાલ મળી આવેલ હોય તેમાંથી એક બોટલ સેમ્પલ બોટલ તરીકે તેમજ એક પો.સ્ટે.રીઝર્વ ખાતે તપાસ અર્થે પંચનામાની વિગતે પંચો રૂબરૂ હેડ કો.પી.પી.જાડેજાએ કરેલ. સદરહું દારૂનો જથ્થો કોની પાસેથી લાવેલ તે અંગે પુછપરછ કરતા પુંજાભાઈ મેરાભાઈ શામળા રે.જુનાગઢ વાળા પાસેથી મેળવેલ હોવાનું જણાવેલ. મજકુર ઈસમો સામે પ્રોહી કલમ ૬૫ઈ,૧૧૬બી,૮૧ મુજબના ગુનાની ફરીયાદ અમોએ આપેલ. તેઓને ફરીયાદ બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. જે ફરીયાદ આંક–૧૭ થી રજુ છે.

બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે પ્રથમ પંચનામું કરેલ ત્યારબાદ ફરીયાદ કરેલ. એ વાત ખરી છે કે ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. પેટ્રોલિંગમાં જે વાહનમાં ગયેલા તેના નંબર ફરિયાદમાં જણાવેલ નથી. એ

વાત ખરી છે કે આરોપી પકડાયેલ તે રહેણાંક વિસ્તાર છે. એ વાત ખરી નથી કે પંચો રૂબરૂ મુદામાલ કબ્જે કરેલ નથી. એ વાત ખરી છે કે રહેણાંક મકાનની માલિકી અંગેનો કોઇ પુરાવો ફરીયાદ સાથે સામેલ રાખેલ નથી. એ વાત ખરી નથી કે આવો કોઇ મુદામાલ આરોપી પાસેથી મળી આવેલ ન હોય કામગીરી બતાવવા ખોટી ફરીયાદ આપેલ.

**૭.૨–** ફરીયાદપક્ષે ત.ક.અએ તેઓની આંક–૧૯ ની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, ગઇ તા. ૧૫/૦૮/૨૦૨૩ ના રોજ અમો તથા પો.કો. અશોકભાઇ બાબુભાઇ ગાગીયા તથા માનસંગભાઇ ઝાપડીયા તથા વલ્લભભાઇ ભાટુ તથા પો.કો.દીલીપસિંહ વાઘુભા જાડેજા એ રીતેના સ્ટાફના માણસો સાથે જામજોધપુર પોસ્ટે વિસ્તારમાં ક. ૨૦:૦૦ વાગ્યાથી પેટ્રોલિંગમાં હતા ત્યારે ફરતા ફરતા ક.૨૦:૩૦ વાગ્યે સ્વામીનારાયણ મંદીર જામજોધપુર પાસે આવતા દીલિપસિંહ તથા અશોકભાઇ બાબુભાઇ ગાગીયાને ખાનગી રાહે હકીકત મળેલ કે અહીં આગળ રહેતા હમીરભાઇ લખુભાઇ મોવાણીયા પોતાના રહેણાંક મકાને વેચાણ અર્થે ભારતીય બનાવટની અંગ્રેઝી દારૂનો જથ્થો રાખેલ છે તે હકીકત ના આધારે બે રાહદારી પંચોને બોલાવી પ્રોહી કલમ ૧૨૦ નો ઠરાવ કરી પંચો સાથે હકીકત વાળી જગ્યાએ ક.૨૦:૪૫ વાગ્યે રેડ કરતા સદર જગ્યાએ એક ઇસમ હાજર મળી આવેલ જેનું પંચો રૂબરૂનામ ઠામ પુછતા પોતે પોતાનું નામ હમીરભાઇ લખુભાઇ મોવાણીયા રે.જામજોધપુર વાળો હોવાનું જણાવેલ. મજકુરને સાથે રાખી પંચો રૂબરૂ ઝડતી તપાસ કરતા રહેણાંક મકાનમાંથી ભારતીય બનાવટની અંગ્રેજી દારૂની બોટલ નંગ–૫૪ કિંમત રૂ.૨૭૦૦૦/– નો મુદામાલ મળી આવેલ હોય તેમાંથી એક બોટલ સેમ્પલ બોટલ તરીકે તેમજ એક પો.સ્ટે.રીઝર્વ ખાતે તપાસ અર્થે પંચનામાની વિગતે પંચો રૂબરૂ અમોએ કબ્જે કરેલ. સદરહું દારૂનો જથ્થો કોની પાસેથી લાવેલ તે અંગે પુછપરછ કરતા પુંજાભાઇ મેરાભાઇ શામળા રે.જુનાગઢ વાળા પાસેથી મેળવેલ હોવાનું જણાવેલ. મજકુર ઇસમો સામે પ્રોહી કલમ ૬૫ઇ,૧૧૬બી,૮૧ મુજબના ગુનાની ફરીયાદ સાથેના પો.કો.દીલીપસિંહ વાઘુભા જાડેજાનાઓએ આપેલ. મને આંક–૧૭ વાળી અસલ ફરીયાદ

બતાવવામાં આવે છે જેમાં ફરીયાદીની તથા રૂબરૂ તરીકે મારી સહી છે જે હું ઓળખું છું. સદર ગુનો રજીસ્ટર કરી તપાસ અમોને સોંપતા તપાસ સંભાળી લઇ આરોપીને અટક કરેલ. મુદામાલ પરિક્ષણ અર્થે એફ.એસ.એલ.માં મોકલેલ. આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામ.કોર્ટમાં ઈન્સાફી કાર્યવાહી થવા સારૂ ચાર્જશીટ કરેલ.

બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે પ્રથમ પંચનામું કરેલ ત્યારબાદ ફરીયાદ કરેલ. એ વાત ખરી છે કે ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. પેટ્રોલિંગમાં જે વાહનમાં ગયેલા તેના નંબર ફરિયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે આરોપી પકડાયેલ તે રહેણાંક વિસ્તાર છે અને માણસોની તથા વાહનોની સતત અવર જવર રહે છે. એ વાત ખરી છે કે આ કામે કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી.એ વાત ખરી છે કે તપાસના કામે રહેણાંક મકાનની માલિકી અંગેના કોઇ કાગળો કબ્જે કરેલ નથી. એ વાત ખરી નથી કે પંચો રૂબરૂ મુદામાલ કબ્જે કરેલ નથી.એ વાત ખરી છે કે એફ.એસ.એલ.રીપોર્ટ ચાર્જશીટ સાથે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે એફ.એસ.એલ.રીપોર્ટ રજુ થયેલ ન હોય પકડાયેલ મુદામાલ પ્રતિબંધિત પ્રોહી મુદામાલ હતો કે કેમ તે કહી શકાય નહી. એ વાત ખરી નથી કે આવો કોઇ મુદામાલ મળી આવેલ ન હોય ફરીયાદી અમારા સાથી કર્મચારી હોય તેની ફરીયાદ ને સમર્થન આપવા કામગીરી બતાવવા ખોટું ચાર્જશીટ કરેલ.

**૭.3–** આ ફરીયાદ મુદ્દામાલ રીકવર કર્યા અંગેના પંચનામાનાં પંચ સાહેદોને તપાસવામા આવેલ છે. આ પંચ સાહેદો જણાવેલ છે કે, તેઓ પોલીસ સાથે કોઈ કામગીરી માં ગયેલ નથી, પરંતુ તે સમયાગાળમાં તેઓની પોલીસે તૈયાર લખાણમાં સહી લીધેલી. તે રીતે આ પંચ સાહેદે ફરીયાદ પક્ષનાં કેસની હકીકતને કોઈ સમર્થન આપેલ નથી. એટલે કે, ફરીયાદ પક્ષ તરફથી મુદ્દામાલ રીકવર કરેલ તે બાબતના પંચ સાહેદને તપાસવામાં આવેલા છે અને તેમની જુબાની દરમ્યાન જે પંચનામુ રજુ થયેલ છે તે રજુ થયેલ પંચનામાને પંચસાહેદે સમર્થન આપી તે પંચનામાની હકીકતને પુરવાર કરેલ નથી. આમ, બનાવના ભાગરૂપે પોલીસ તપાસની કાર્યવાહી દરમ્યાન

પંચનામુ થયેલ છે અને તે પોલીસ કાર્યવાહીનાં સમર્થનમાં જે પંચનામું રજુ થયેલ છે, તે પંચનામું ફરીયાદ પક્ષે સચોટ પુરાવાથી પુરવાર કરવું જોઈએ. તે આ કામે પંચનામુ પુરવાર થયેલ નથી. જે આગળ ઉપર કરેલ ચર્ચા ધ્યાને લેતાં સ્પષ્ટ બની રહેલ છે.

**૭.૪–** ફરીયાદપક્ષે આંક–૨૬ તથા આંક–૩૦ થી તપાસવામાં આવેલ સાહેદોએ ફરીયાદને અનુરુપ પુરાવો રજુ રાખેલ છે.

**૭.૬–** આ સિવાય અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ નથી.

**૭.૭–** આમ, આ કામે રજૂ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો જોતાં આ કામે તપાસવામાં આવેલ પોલીસ સાહેદોએ ફરીયાદપક્ષના કેસની હકીકતોને અનુરુપ પુરાવો આપેલ છે અને આરોપીના કબ્જામાંથી પંચનામાની વિગતે પ્રતિબંધિત પ્રોહી મુદામાલ મળિ આવેલ હોવાનું પોતાના પુરાવામાં જણાવે છે. પરંતુ આ કામે એકમાત્ર સ્વતંત્ર કહી શકાય તેવા પંચ સાહેદોનો પડેલ પુરાવો ધ્યાને લેતા તેઓએ માત્ર લખેલા કાગળમાં સહી કરવાનું કહેતા સહી કરી આપેલ હોવાનું જણાવેલ આંક–૨૨ થી રજુ થયેલ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી. આમ, પંચોની હાજરીમાં આરોપીના કબ્જામાંથી પ્રોહી મુદામાલ મળિ આવેલ હોવાની હકીકતને પંચ સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતુ નથી. જેથી આંક–૨૨ થી રજુ થયેલ પંચનામું પુરવાર થતુ નથી. વિશેષમાં તપાસ કરનાર અધિકારીનો પુરાવો ધ્યાને લેતા પણ પંચનામું પુરવાર થયેલ છે તેમ માની શકાય તેમ નથી. વધુમાં ફરીયાદપક્ષનો પડેલ પુરાવો ધ્યાને લેતા બનાવવાળિ જગ્યા રહેણાંક વિસ્તાર હોવાનું ફલીત થાય છે અને બનાવવાળિ જગ્યાએથી સ્વતંત્ર સાહેદો મળિ આવે તેમ હોવા છતા આરોપીના કબ્જામાંથી પ્રતિબંધિત પ્રોહી મુદામાલ મળિ આવેલ હતો તે હકીકત પુરવાર કરવા કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન તપાસ દરમીયાન ત.ક.અ. એ નોંધેલ હોય તેવું ફલીત થતુ નથી તેમજ સ્વતંત્ર સાહેદોના નિવેદન ન લેવા પાછળનું કોઇ યોગ્ય કારણ પણ ત.ક.અ.ના પુરાવાથી રેકર્ડ પર આવેલ નથી. તેમજ બનાવવાળિ જગ્યા આરોપીના કબ્જા માલીકીની હતી તે દર્શાવતો કોઇ પુરાવો

રજુ રાખેલ નથી. તેમજ આ કામે તપાસવામાં આવેલ પોલીસ સાહેદોએ પોતાનો પુરાવો પંચો રૂબરૂ ૧૨૦ બી નો ઠરાવ કરેલ હોવાનું જણાવેલ છે પરંતુ એવો કોઇ ઠરાવ આ કામે રજુ રાખેલ નથી કે તેવા કોઇ ઠરાવથી પંચ સાહેદોના પુરાવાથી સમર્થન મળેલ નથી. વધુમાં આ કામે મુદ્દામાલ સંદર્ભમાં કોઈ એફ.એસ.એલ.નો રીપોર્ટ ચાર્જશીટ સાથે રજૂ થયેલ નથી તેમજ એવો કોઈ રીપોર્ટ રજૂ કરવા માટે ત.ક.અમલદાર દ્વારા કોઈ મુદતની માંગણી કરવામાં આવેલ નથી. આ કામે પકડાયેલ મુદ્દામાલની ચકાસણી અંગે એફ.એસ.એલ. રીપોર્ટ રજૂ કરવામાં આવેલ ન હોઈ પકડાયેલ મુદ્દામાલ પ્રતિબંધિત પ્રોહી મુદામાલ હતો એવા તારણ પર આવી શકાય એમ નથી. આમ, બનાવના સમય અને સ્થળેથી આરોપીના કબ્જા અને ભોગવટામાંથી પ્રતિબંધીત પ્રોહી મુદામાલ મળિ આવેલ હતો તેવુ ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરી શકેલ નથી. અત્રે એ નોંધવું જરૂરી છે કે પોલીસ સાહેદોના પુરાવાને આ કોર્ટ નકારતી નથી પરંતુ ઉપર કરેલ ચર્ચા મુજબ પોલીસ સાહેદોના પુરાવાને જયારે અન્ય સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થયેલ ન હોય, પોલીસ સાહેદો હિત ધરાવતા સાહેદો હોય તેમજ પકડાયેલ જથ્થો પ્રોહી મુદામાલ હતો તે દશાવતો કોઈ પુરાવો આ કામે રજુ થયેલ ન હોય તેવા સંજોગોમાં આરોપી પ્રત્યક્ષ અને સભાન કબ્જામાંથી પ્રતિબંધિત પ્રોહી મુદામાલ મળિ આવેલ હતો અને સહ આરોપીએ પ્રોહી ગુનાનો મુદામાલ પુરો પાડેલ હતો તે હકિકત શંકાથી પર પુરવાર થતી ન હોય આમ, આ કામે આરોપી સામે મૂકવામાં આવેલ તહોમત ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી તમામ પુરાવો લક્ષમાં રાખતાં ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોય મુદા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદા નં.ર નો અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**– હુ ક મ –**

(૧) આ કામના આરોપી : **હમીરભાઈ લખુભાઈ મોવાણીયા** ઉ.વ.૩૭, ધંધો–ડ્રાઈવીંગ, રહે. સ્વામીનારાયણ મંદીર પાછળ, જામજોધપુર, તા.જામજોધપુર, જી.જામનગર નાઓને સી.આર.પી.સી. કલમ–

૨૪૮(૧) અન્વયે પ્રોહીબીશન એકટની કલમ-૬૫ ઈ, ૧૧૬ બી અને ૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવે છે.

(૨) સદર કામમાં કબજે કરેલ પ્રોહી. મુદ્દામાલનો નિયમોનુંસાર નાશ કરવો તથા આ સિવાયના અન્ય કોઈ મુદામાલ અંગે અગાઉ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ કરવા નો હુકમ કરવામાં આવે છે અન્યથા અપીલ સમય વિત્યે જરૂરી ઈન્કવાયરી કરી મુદામાલ મુળ માલિકને પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે આરોપીએ સી. આર. પી. સી. ની કલમ- ૪૩૭ (એ) મુજબ અપીલ સમયસુધીના રૂા.૫૦૦૦/- (રૂપિયા પાંચ હજાર પુરા/-) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમચુરકો રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૬, માહે એપ્રીલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:- જામજોધપુર
તા. ૦૬-૦૪-૨૦૨૬

**(નરેશકુમાર રમેશભાઈ ગોહેલ)**
જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
જામજોધપુર
જજ કોડ : જીજે - ૧૫૮૪

ડી.એચ.ચુડાસમા
ગુજ.સ્ટેનો